## વિષય.—નહેરની બન્ને બાજુની જમીનના ઉપયોગ બાબત

### પૂર્વ ભૂમિકા

ગુજરાત સરકાર જાહેર બાંધકામ વિભાગ, ઠરાવ ક્રમાંક એલપીડબલ્યુ-૧૦૬૯/૯૬/પી, સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૭૯.

૧. ઉપર સંદર્ભમાં (૧) સાથે ટાંકેલ પરિપત્રથી સરકારે નહેર પેદાશના નિકાલ અંગે સમાન ધોરણે રહે તે સારુ નિયમો ઘડયા છે. નહેરની પેદાશથી સરકારને આવક-ઉપજ મળે તે હેતુથી ઉકત હુકમો કર્યા છે અને વખતોવખત તેને ચાલુ રાખેલ છે જેની છેલ્લી લંબાવેલી સમયમર્યાદા તારીખ ૧૪મી જુલાઈ ૧૯૭૮ના રોજ પુરી થયેલ છે.

૨. ઉપર સંદર્ભ (૨) સામે ટાંકેલ તારીખ ૧૨મી જાન્યુઆરી ૧૯૭૦ના પરિપત્રથી સરકારે નહેરની બાજુની જમીનો તેની તદ્દન નજીકના ખેતમાલિકોને વાવેતર માટે એકસાલી ધોરણે આપવાનું અને તે અંગે ભાડું લેવાનું ઠરાવેલ છે, નહેરની બાજુની જમીનોમાં ત્રાહિત માણસો અને ઢોરો પ્રવેશી બાજુના ખેતરમાલિકોના પાકને નુકશાન કરતાં અટકાવવાના હેતુથી આવી જમીનો બાજુના ખેતરના માલિકોને એકસાલી ધોરણે ખેડવા ભાડે આપવા ઠરાવેલ છે, જેમાં તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૭૩ના પરિપત્રથી સુધારો કરેલ કે વૃક્ષારોપણ કર્યા હોવા છતાં આવી જમીનો બાજુના ખેતસ્વાળાને આપી શકાય. તેમાં વધુ સુધારો તારીખ ૧૭મી જાન્યુઆરી ૧૯૭૬ના રોજ પરિપત્રથી કરેલ કે જે, જમીનોમાં વન વિભાગ તરફથી વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ન ધરાય તે ત્યાં સુધીના સમય માટે જ બાજુના ખેતર માલિકોને ચાલુ શરતોને આધીન રહીને વાવેતર માટે એકસાલી ધોરણે આપવી, આ હુકમોની છેલ્લી લંબાવેલી સમયમર્યાદા તારીખ ૧૪મી જૂન ૧૯૭૭ના રોજ પુરી થયેલ છે,

૩. ઉપર સંદર્ભ (૩) સામે ટાંકેલ પત્રથી સરકારે નહેરની બાજુની જમીનો વૃક્ષારોપણ કરવા માટે વન વિભાગને સોંપવી એવા નીતિ વિષયક નિર્ણય લીધો છે. વૃક્ષારોપણથી નહેરની બાજુની જમીનોનું થતું ધોવાણ અટકશે અને ઝડપથી ઉગતા વૃક્ષોના વાવેતરથી ઉદ્યોગોને પણ કેટલીક કાચી માલસામગ્રી મળશે, વગેરે દ્રષ્ટિથી આ હુકમો કરેલા છે, તે કાયમી પ્રકારના અને સને ૧૯૭૧માં તે અંગે લીધેલ નિર્ણયને અનુલક્ષીને કરવામાં આવ્યા છે, છતાં વૃક્ષારોપણ માટે વન વિભાગ પોતાના હસ્તક આવી તમામ જમીનો લેવા શકિતમાન બને તે દરમિયાન ઉપર સંદર્ભ (૧) અને (૨) સામેના હુકમોને વખતોવખત ચાલુ રાખવામાં આવ્યા છે, અને તેમની સમયમર્યાદા પુરી થયેલ હોઈ તેમને વધુ ચાલુ રાખવા કે કેમ અને વન વિભાગને આવી તમામ જમીનો સોંપવાની સરકારે નક્કી કરેલ નીતિ સાથે તેઓ સુસંગત છે કે કેમ તથા ઉપરોકત ત્રણ પ્રકારના ઉપયોગી અગ્રિમતાક્રમ નક્કી કરવા બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારની વિચારણા હેઠળ હતી.

### ઠરાવ

કાળજીભરી વિચારણાને અંતે એવું ઠરાવવામાં આવે છે કે, સંદર્ભ (૧) (૨) અને (૩) અન્વયે નક્કી થયેલ નીતિ વિષયક આદેશો તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૮૧ સુધી યથાવત ચાલુ રહેશે.

૨. તદ્દઉપરાંત નહેરની બાજુની આવી ફાજલ પડેલ જમીનોમાં જેમ તેમ વધુ ફળાઉ વૃક્ષો ઉગાડી શકાય તે હેતુથી તેની નજીકના ખેતર માલિકને આવી જમીનોમાં ફળાઉ વૃક્ષો ઉછેરવાની પરવાનગી આપવી અને આ વૃક્ષોના ઉછેર અને જાળવણી કરવાની જવાબદારી વહન કર્યા બદલ આવા ખેડૂતોને તેમાંથી થતાં ફળની પેદાશનો માલિકી હક્ક પણ તેઓ આ વૃક્ષોને કાપી શકશે નહીં એ શરતે આપવાનું ઠરાવવામાં આવે છે, આવા ફળાઉ વૃક્ષો મોટા પાયા પર ઉછેરી શકાય તે માટે જરૂરી આયોજન મહી, કડાણાં, ઉકાઈ, કાકરાપાર અને શેત્રુંજી જેવી મોટી સિંચાઈ યોજનાઓ માટે વિસ્તાર વિકાસ કમિશનરશ્રી કરશે તથા અન્ય સિંચાઈ યોજનાઓ માટે જરૂરી આયોજન રાજ્યના ખેતી નિયામકશ્રીએ સિંચાઈ વિભાગના સ્થાનિક અધિકારીઓના સંપર્કમાં રહી ચાલુ વર્ષથી કરવું એવું પણ ઠરાવવામાં આવે છે,

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સચિવશ્રી, ખેતી, વન અને સહકાર વિભાગની તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૭૯ની તેમજ નાણાં વિભાગની તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૧૯૭૯ની સંમતિથી કરવામાં આવેલ છે.